જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, વડોદરા
અનાવીલ ભવન સામે, કારેલીબાગ, વડોદરા.
ફોન નં./ફેક્સ નં. ૦૨૬૫-૨૪૬૧૭૦૩ ઇ – મેઇલ : vadodeo@gmail.com

તા.૩૦/૦૯/૨૦૨૬

ક્રમાંક. ક-૩/૫૨૪/૨૦૨૬-૨૭/ 10539

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉ.માધ્યમિક શાળાઓ,(તમામ)
જિ. વડોદરા.

વિષય: "પ્રોજેક્ટ સમાવેશન" અંતર્ગત તાલીમ લેવા બાબત...
સંદર્ભ: ગુજરાત શાળા શિક્ષણ પરિષદ, સમગ્ર શિક્ષા, સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ, ગાંધીનગરના તા.24/09/2026 ના પત્ર અન્વયે

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, ગુજરાત શાળા શિક્ષણ પરિષદના સંદર્ભ પત્ર અન્વયે જિલ્લાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકો, સ્પે. એજ્યુકેટર તથા સંબંધિત કર્મચારીઓને "પ્રોજેક્ટ સમાવેશન" હેઠળના ડિજિટલ કોર્સમાં રજીસ્ટ્રેશન કરી તથા તાલીમ પૂરી કરવા આથી જણાવવામાં આવે છે .

જિલ્લા શિક્ષણાધિકારી
વડોદરા

ડૉ. એમ. એમ. પટેલ, GAS
એડી. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર,
સમગ્ર શિક્ષા, ગુજરાત

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સમગ્ર શિક્ષા, સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ,
વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯
ગાંધીનગર-૩૮૨૦૨૧

જિ. શિ. અ. કચેરી, વડોદરા.
4402
28/9/26
કચેરીની સહી............

પ્રતિ,

1. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, જિલ્લા: તમામ.

2. જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડીનેટર અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા: તમામ.

3. એડિશનલ પ્રોજેક્ટ કો.ઓર્ડીનેટર અને શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા: અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા.

વિષય:- "પ્રોજેક્ટ સમાવેશન(Project Inclusion)" કાર્યક્રમ અંગે જરૂરી કાર્યવાહી કરવા બાબત.

સંદર્ભ :-

1. સામાજિક ન્યાય અને અધિકારીકતા વિભાગના પત્ર ક્રમાંક : DO.No.B-16006/4/2025 dt.19-06-2026.
2. સામાજિક ન્યાય અને અધિકારીકતા વિભાગ, ગુજરાત સરકારના પત્ર ક્રમાંક SJED/0028/08/2026 dt.10-08-2026.
3. અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : સમગ્ર શિક્ષા/આઈ.ઈ.ડી./2025/76617-960 તા.19.12.2025.
4. અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : સમગ્ર શિક્ષા/આઈ.ઈ.ડી./2025/75933-999 તા.29.12.2025
5. માન. એસ.પી.ડી.શ્રીની ઈ સરકારની નોંધ ઉપર મળેલ મંજુરી અન્વયે.

શ્રીમાન,

ઉપરોક્ત વિષયે જણાવવાનું કે, સામાજિક ન્યાય અને અધિકારીકતા વિભાગના સંદર્ભ 1 અને 2 ના પત્રોથી રાજ્યની મુખ્ય પ્રવાહની શાળાઓમાં સમાવેશી શિક્ષણ (Inclusive Education) પ્રણાલીને વધુ સુદ્રઢ કરવાની પ્રવર્તમાન જરૂરિયાત તરફ ધ્યાન દોરવામાં આવેલ છે તેમાંય ખાસ કરીને દિવ્યાંગતા તેમજ શીખવાની ભિન્નતા(Learning Diversities) ધરાવતા બાળકોની પ્રારંભિક તબક્કે જ ઓળખ(Early Identification) થાય અને તેમને સમયસર જરૂરી સહાય-માર્ગદર્શન પૂરું પાડવા પર વિશેષ ભાર મુકવામાં આવેલ છે.

Rights of Persons with Disabilities (RPwD) Act, 2016 ની કલમ-17 ની જોગવાઇઓ અનુસાર, દિવ્યાંગ બાળકોને સમાવેશી અને ગુણવત્તાયુક્ત શિક્ષણ ઉપલબ્ધ થાય તે માટે તમામ સ્તરે શિક્ષકોની ક્ષમતાવૃદ્ધિ કરવી અનિવાર્ય છે. આ સંદર્ભમાં, શ્રી ઓરોબિંદો સોસાયટી, ન્યૂ દિલ્હી દ્વારા તેઓના પ્રોજેક્ટ રૂપાંતર અંતર્ગત "પ્રોજેક્ટ ઇન્ક્લુઝન (Project Inclusion)" અંતર્ગત ભારત સરકારના દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ સાથે MoU કરવામાં આવેલ છે. વધુમાં સમગ્ર શિક્ષા, ગુજરાત દ્વારા પણ વર્ષ 2025-26 માં 21 પ્રકારની દિવ્યાંગતા ધરાવતા વિદ્યાર્થીઓના શૈક્ષણિક સપોર્ટ માટે શ્રી ઓરોબિંદો સોસાયટી સાથે તેમના 'પ્રોજેક્ટ સમાવેશન (Project Inclusion)' હેઠળ 5 (પાંચ) વર્ષ માટે MOU (Non-Financial) કરેલ છે. આ અંતર્ગત, ગુજરાતની સરકારી અને અનુદાનિત શાળાઓમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓનું સમાવેશનની એપ્લિકેશન દ્વારા વિશિષ્ટ સ્ક્રીનિંગ કરવામાં આવે છે. સ્ક્રીનિંગ બાદ વર્ગખંડની પ્રવૃત્તિઓના યોગ્ય માર્ગદર્શન માટે વિદ્યાર્થીની દિવ્યાંગતા, તેની તીવ્રતા, શીખવાની ક્ષમતા અને જરૂરિયાત અનુસારની પ્રવૃતિઓ ધરાવતી 'વ્યક્તિગત શિક્ષણ યોજના' (IEP) તથા 'હસ્તક્ષેપ પ્લાન' (Intervention Plan) તૈયાર કરવામાં આવે છે. આ માટે નીચે મુજબ તાલીમ કોર્ષ ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

- આ MoU હેઠળ સામાન્ય શાળાઓના શિક્ષકો, સ્પેશિયલ એજ્યુકેટર અને અન્ય પુનર્વસન વ્યાવસાયિકો (એટલે કે જેઓ દિવ્યાંગ (PwD) બાળકોના શારીરિક, માનસિક, શૈક્ષણિક અને સામાજિક વિકાસ માટે શાળાકીય અને સામાજિક સ્તરે કામ કરે છે. જેઓ સીધા વર્ગખંડમાં ભણાવતા નથી, પરંતુ બાળક સામાન્ય શાળામાં અભ્યાસ કરી શકે તે માટે પૂરક ટેકો (support) આપે છે.)ને સશક્ત બનાવવા માટે એક વ્યવસ્થિત, ટેક્નોલોજી આધારિત ડીજીટલ કોર્સ "પ્રોજેક્ટ સમાવેશન (Project Inclusion)" ઉપલબ્ધ કરાવવામાં આવ્યો છે.

- પ્રોજેક્ટ સમાવેશન' એ એક વ્યવસ્થિત, ટેક્નોલોજી આધારિત ડિજિટલ કોર્સ છે જેનો ઉદ્દેશ્ય મુખ્ય પ્રવાહના શિક્ષકો, વિશેષ શિક્ષકો

(special educators) અને અન્ય પુનર્વસન વ્યાવસાયિકોને સમાવેશી શિક્ષણમાં આવશ્યક ક્ષમતાઓ સાથે સશક્ત બનાવવા
જેની મુખ્ય વિશેષતાઓ નીચે મુજબ છે:

- આ કોર્સ વિવિધ ભાષાઓમાં ઉપલબ્ધ છે, જે શિક્ષકો પોતાની અનુકૂળતા મુજબ અને પોતાની ગતિએ(Self-paced) ઓનલાઈન પૂર્ણ કરી શકે છે.
- આ કોર્સ સંવેદનશીલતા (Sensitization), ઓળખ (Identification) અને હસ્તક્ષેપ (Intervention) એમ ત્રણ પ્રાયોગિક તબક્કામાં વહેંચાયેલો છે, જે શિક્ષકોના દૈનિક કાર્યભારમાં વધારો કર્યા વિના વર્ગખંડમાં અભ્યાસ દરમ્યાન મદદરૂપ બને છે.
- Rehabilitation Council of India (RCI) દ્વારા આ કોર્સને માન્યતા આપવામાં આવેલ છે, તેમજ સફળતાપૂર્વક કોર્સ પૂર્ણ કરનાર સ્પેશિયલ એજ્યુકેટર અને પુનર્વસન કર્મચારીઓને RCI તરફથી 50 Continuing Rehabilitation Education (CRE) Points મળી શકે છે.

2. ભારત સરકારના Indian Sign Language Research and Training Centre (ISLRTC) દ્વારા વિકસાવવામાં આવેલ Indian Sign Language નો 40 કલાકના બેઝિક મોડ્યુલ પણ આ ડિજિટલ પ્લેટફોર્મ પર ઉપલબ્ધ છે, જે Hearing Impairment અને Risk of Hearing Loss દિવ્યાંગતા ધરાવતા વિદ્યાર્થીઓને અભ્યાસમાં મદદરૂપ બનશે.

“પ્રોજેક્ટ સમાવેશન (Project Inclusion)” ની અમલવારી માટે અત્રેની કચેરીના માટે સંદર્ભ-3 અને 4 માં દર્શાવેલ પત્રોથી વિગતવાર સૂચનાઓ તેમજ માર્ગદર્શિકા મોકલવામાં આવેલ છે. આ અન્વયે ગુજરાતની પ્રાથમિક અને માધ્યમિક શાળામાં અભ્યાસ કરાવતા શિક્ષકોએ ‘પ્રોજેક્ટ સમાવેશન’ એપ્લીકેશનના માધ્યમથી શાળાના તમામ વિદ્યાર્થીઓનું સ્ક્રીનિંગ કરવાનું રહેશે.

શ્રી ઓરોબિંદો સોસાયટી દ્વારા “પ્રોજેક્ટ સમાવેશન (Project Inclusion)”ના અમલીકરણ માટે પડતી મુશ્કેલીઓના નિવારણ માટે ઓનલાઈન સેશન, ઓરિએન્ટેશન સત્રો, ટેકનિકલ ઓનબોર્ડિંગ, શંકા-નિવારણ અને મોનીટરીંગ સહિતની તમામ જરૂરી સહાય પૂરી પાડવામાં આવે છે. જેની વિગત નીચે મુજબ છે.

Call Support: 9355902926 (Monday to Friday 9:00 AM to 5:00 PM)

WhatsApp Support: 9266338010 (Monday to Friday 9:00 AM to 5:00 PM)

- Daily Doubt: Clearing Session at 4:00 PM (excluding government holidays)
- Doubt Clearing Session Link: https://bit.ly/_DoubtClearingSupport
- Email ID: support.pi@aurosociety.org

નોંધ :- આ લીંક ઉપર શિક્ષક રજાના દિવસો સિવાય જોડાઈને માર્ગદર્શન મેળવી શકશે.

આમ ઉક્ત બાબતે ધ્યાને રાખી આપના જિલ્લા/મહાનગરપાલિકા હેઠળ આવતી તમામ સરકારી, અનુદાનિત (ગ્રાન્ટેડ) તેમજ ખાનગી શાળાઓના શિક્ષકો, સ્પે. એજ્યુકેટર અને સંબંધિત કર્મચારીઓ “પ્રોજેક્ટ સમાવેશન (Project Inclusion)” હેઠળના ડિજિટલ કોર્સમાં ઓનલાઈન નોંધણી (Registration) કરાવીને આ તાલીમ પૂર્ણ કરે તે માટે આપની કક્ષાએથી જરૂરી કાર્યવાહી કરવા આથી જણાવવામાં આવે છે.

(ડૉ. એમ. એમ. પટેલ)

એડી. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર

સ્ટેટ પ્રોજેક્ટ કચેરી, ગાંધીનગર

બીડાણ:- સંદર્ભે 1, 2, 3 તેમજ 4 માં દર્શાવેલ પત્રની નકલ.

સવિનય નકલ રવાના જાણ સારૂ. :-

- માન. ઉપ સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીકતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- માન. એસ.પી.ડી.શ્રી, સમગ્ર શિક્ષા, ગાંધીનગર.

SSG/0029/09/2026 Approved Date: 24-09-2026 11:16

નય નકલ રવાના જાણ સારું. :-

- કમિશ્નરશ્રી શાળાઓની કચેરી, વિધા સમીક્ષા કેન્દ્ર ગાંધીનગર.
- પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, વિધા સમીક્ષા કેન્દ્ર ગાંધીનગર.

નકલ રવાના જરૂરી કાર્યવાહી સારું :-

- જિલ્લા આઈ.ઈ.ડી.કો. ઓર્ડીનેટશ્રી, જિલ્લા તમામ.